# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-02-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં રાજ્યના ગીરમાં લોકોએ એશિયાઇ સિંહોની સલામતિ અને સંરક્ષણની કરેલી કામગીરીની પ્રશંસા કરી
2) મન કી બાત કાર્યક્રમમાં પ્રધનમંત્રી નરેન્દ્ર મોદીએ આરોગ્યની જાળવણી માટે ખાદ્યતેલના ઉપયોગમાં દસ ટકા કાપ મૂકવાની લોકોને અપીલ કરી
3) કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં યોજાયેલી વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલ બેઠકમાં રાજ્યનું સપ્લાય ચેઈન ઓટોમેશન બેસ્ટ પ્રેક્ટિસ તરીકે રજૂ કરાયુ
4) શિક્ષકોના યોજાયેલા અધિવેશનમાં સમયની માંગ આધારીત વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા મંત્રી બળવંતસિંહ રાજપૂતે ભાર મૂક્યો હતો
5) લીંબડી અમદાવાદ હાઈવે ઉપર ડમ્પર અને મીની ક્રુઝ બસ વચ્ચે અકસ્માત સર્જાતા પાંચ વ્યક્તિના મોત

-----------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM MANN KI BAAT-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમની 119મી કડીમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં લોકોએ ગીરમાં એશિયાઇ સિંહોની સલામતિ અને સંરક્ષણમાં મહત્વનું યોગદાન આપ્યું છે. તેમણે દુનિયાને બતાવ્યું છે કે, પ્રકૃતિની સાથે સહઅસ્તિત્વ આખરે શું હોય છે. આ પ્રયાસોના કારણે વિતેલા કેટલાક વર્ષોમાં વાઘ, દિપડા, એશિયાઇ સિંહ, ગેંડા અને બારહસિંગાની વસતિ ઝડપથી વધી છે. ભારતનો દરેક વિસ્તાર પ્રકૃતિ માટે માત્ર સંવેદનશીલ નહીં વન્યજીવ સંરક્ષણ માટે પ્રતિબદ્ધ પણ  છે.

**(બાઈટઃ PM GEER LION)**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, “કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. ક્ષેત્રમાં ભારત ઝડપથી પોતાની મજબૂત ઓળખ બનાવી રહ્યું છે દેશવાલીઓ નવી ટેક્નોલૉજી અપનાવવામાં કોઈનાથી પાછળ નથી. આ પ્રસંગે તેમણે નાગરિકોના આરોગ્યની ચિંતા કરીને ખાદ્યતેલના વધુ પડતાં ઉપયોગમાં 10 ટકાનો કાપ મૂકવા પણ લોકોને અપીલ કરી છે.

**(બાઈટઃ PM OBESITY  BYTE)**

# PM MANN KI BAAT-2

દેશભરમાં પરીક્ષાનું આયોજન થઇ રહ્યું છે ત્યારે વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ સાથે પ્રશ્નપત્રોના જવાબ લખવા સલાહ આપીને તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રધાનમંત્રીએ વધુમાં ઉમેર્યું કે ગયા મહિને ઇસરોએ પોતાનું 100મું રૉકેટ લૉન્ચ કર્યું તે અંગે ગૌરવ વ્યક્ત કર્યું હતું. તેમજ આગામી 28મી ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગરૂપે શ્રોતાઓને સૂચન કર્યું હતું. આ ઉપરાંત શ્રી મોદીએ આઠ માર્ચે આંતર-રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીની વાત કરતાં તેને નારીશક્તિને વંદન કરનારી વિશેષ ક્ષણ ગણાવી હતી.

પ્રધાનમંત્રીના મન કી બાત કાર્યક્રમને બનાસકાંઠા, અમદાવાદ સહિતના રાજ્યભરમાં લોકોએ લાઇવ સાંભળ્યો હતો.

# GUJ SUPPLY CHAIN AUTOMATION

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ગઇકાલે યોજાયેલી વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલ બેઠકમાં ગુજરાતનું સપ્લાય ચેઈન ઓટોમેશન બેસ્ટ પ્રેક્ટિસ તરીકે રજૂ થયું હતું. રાજ્યની જાહેર વિતરણ વ્યવસ્થામાં પારદર્શી ફૂલપ્રૂફ અને સચોટ-સરળ-સપ્લાય ચેઈન ઓટોમેશન વિકસાવવામાં આવી છે. વાર્ષિક અંદાજે 25 લાખ મેટ્રિક ટન અનાજ 350 ગોડાઉનથી 17 હજાર વાજબી ભાવની દુકાનો સુધી ટેક્નોલોજીયુક્ત પદ્ધતિથી લેસ હ્યુમન ઈન્ટરફિયરન્સ દ્વારા પહોંચે છે. આ બેઠકમાં ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર અને કેન્દ્ર શાષિત પ્રદેશ દીવ-દમણ, દાદરા-નગરહવેલીની એક-એક બેસ્ટ પ્રેક્ટિસીસનું પ્રસ્તુતિકરણ વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા પસંદ કરવામાં આવ્યું હતું.

# SABARMATI SAMVAD

અમદાવાદમાં મોડી સાંજે યોજાયેલા સાબરમતી સંવાદ કાર્યક્રમમા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે નાના માણસોને પણ સુવિધા આપીને વિકાસ કરી શકાય છે તેનું ઉદાહરણ સાબરમતી રિવરફ્રન્ટનો વિકાસ છે. તેમણે કહ્યું હતું કે સાબમતી નદીના કિનારાના વિસ્થાપિતોને રહેતા માટે આઠ હજાર મકાનો સરકારે બનાવ્યાં છે.

**(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PATAN TEACHERS ADHIVETION

પાટણ જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘનું આઠમું શૈક્ષણિક અધિવેશન કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં સિધ્ધપુર ખાતે યોજાયું હતું. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને પાટણ જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ અધિવેશનમાં સમયની માંગ આધારીત વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા મંત્રી બળવંતસિંહ રાજપૂતે ભાર મૂક્યો હતો.

તેમણે કૌશલ્યલક્ષી શિક્ષણની દિશામાં રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું.

**(બાઇટ- બળવંતસિંહ રાજપૂત , મંત્રી , ગુજરાત)**

# CM KADI SAMUH LGNOTSAV

મહેસાણાના કડી તાલુકાના નારોલા ખાતે રાજપૂત સમાજના સમૂહ લગ્નોત્સવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હાજરી આપી હતી.

આ પ્રસંગે તેમણે કરેલા સંબોધનમાં કહ્યું હતું કે સમાજની શક્તિ વિકસિત ગુજરાતના નિર્માણથી વિકસિત રાષ્ટ્રના નિર્માણમાં સક્રિય યોગદાન આપશે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે સમાજના વિકાસથી રાજ્યનો વિકાસ, રાજ્યના વિકાસથી દેશના વિકાસ સાથે ગુજરાત આગળ વધી રહ્યું છે.

મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સૌએ બેટી બચાવો, બેટી પઢાઓ અને સામાજિક ઉત્થાન અંગે પ્રતિજ્ઞા લીધી હતી.

# SNR SAMUHLGNOTSAV

સુરેન્દ્રનગરની મહેતા માર્કેટમાં આવેલ ટોપ વાળા મેલડી માતાના સાનિધ્યમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. માર્કેટના શ્રમિક ભાઈઓ દ્વારા વેપારીઓના સહકારથી આયોજિત આ સમૂહ લગ્નમાં 20 હિન્દુ યુગલો અને બાર મુસ્લિમ યુગલો મળી 32 જેટલા યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. 5000 જેટલા લોકોનો જમણવાર યોજાયો હતો એક બાજુ શાસ્ત્રોક્ત વિધિથી હિન્દુ લગ્ન વિધિ અને બીજી બાજુ મુસ્લિમ પરંપરા અનુસાર નિકાહ યોજાતા કોમી એકતાના દ્રશ્ય જોવા મળ્યા હતા.

# ACCIDENT

લીંબડી અમદાવાદ હાઈવે ઉપર ડમ્પર અને મીની ક્રુઝ બસ વચ્ચે અકસ્માત સર્જાતા પાંચ વ્યક્તિના મોત થયા છે જ્યારે પાંચ વ્યક્તિને ઈજા થઈ છે પશ્ચિમ બંગાળથી સૌરાષ્ટ્રના પ્રવાસે આવેલા આ પ્રવાસીઓની મીની બસ અમદાવાદ તરફ જઇ રહી હતી ત્યારે  લીંબડી હાઇવે ઉપર મોરવાડ ગામના પાટીયા પાસે ડમ્પર સાથે અથડાઇ હતી..

આ અકસ્માતમાં પાંચ વ્યક્તિના મૃત્યુ થયા હતા જ્યારે પાંચ વ્યક્તિ ને ઇજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલે ખસેડી ચુડા પોલીસે મૃતકોની લાશને પોસ્ટમોર્ટમ માટે લીમડી હોસ્પિટલે મોકલી વધુ તપાસ હાથ ધરી છે

# BALITHA OVERBRIDGE

નાણાંમંત્રી કનુ દેસાઈના હસ્તે 59 કરોડ 92 લાખ રૂપિયાના ખર્ચે નવનિર્મિત વલસાડના બલીઠા રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કરાયું. લોકોની સુવિધાઓ વધે તેના માટે સતત પ્રયત્નો કરી કાર્યો કરતા રહીશું તેમ લોકાર્પણ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું.

નેશનલ હાઇવે નંબર 48ને જોડતા બલીઠા ઓવરબ્રિજની મુબંઈ વિંગ તૈયાર થઇ ગઇ છે. હવે આગામી સમયમાં અમદાવાદ વિંગની કામગીરી પણ પૂર્ણ થશે.

વાપીને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ હવે આ વિસ્તાર માટે બજેટમાં વિશેષ નાણાકીય જોગવાઇ કરી હોવાનો પણ મંત્રીએ ઉલ્લેખ કર્યો હતો.